Shah Steel
SINCE - 1969
M.S.ANGEL, CHANNEL, BEAM, PLATE CRC, HR,G.I SHEETS M.S.FLAT, ROUND, SQUARE, BRIGHT BAR AND T.M.T BARS
WHOLESALE AND RETAIL STOCKIST & SUPPLIER
B-IND.129-A, UDHNA SANCH COMPLEX, NEW UDHNA DINDOLI ROAD, UDHYOG NAGAR, UDHNA, SURAT-394 210.
PH.: 0261 227962, 2277137 • E-mail : shahnco118@gmail.com
Mobile: 9377722118, 9374718583
BALBIR AM/NS INDIA JSW MONNET JINDAL STEEL & POWER

# ગુજરાતમિત્ર

તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

સંવર્ધક તંત્રી : સ્વ. પ્રવીણકાન્ત ઉત્તમરામ રેશમવાળા
તંત્રી: મુદ્રક : પ્રકાશક : ભરત પ્રવીણકાન્ત રેશમવાળા

JSW Colouron+ Premium Al-Zn Colour Coated Sheets · ISC · durashine · TATA SHAKTEE
ALEVATE PERFORMANCE AT ITS PEAK Aluminium Roofing Sheets
• Aluminium - Colour Coated, Corrugated Roofing Sheets
• Galvanised Plain Sheet - MS - CRC sheets
• Asian - Apollo - Tata Square Pipe & Round Pipe
• 60 & 80 Micron GI HOTDIP Pipe For Solar Roof Top
• Poly Carbonate, PVC Sheets & Roofing Accessories
STEEL TRADING COMPANY
MUGATLAL GROUP
Near Krishna Pertrolpump, Udhna Main Road, Surat.
Mobile : 7575882332, 7575053830
E-mail: info@steeltrading.in Webside: www.steeltrading.in

માલિકઃ ગુજરાતમિત્ર પ્રા.લિ. પ્રકાશન સ્થાનઃ ગુજરાત સ્ટાન્ડર્ડ પ્રેસ, ગુજરાતમિત્ર ભવન, સોની ફળિયા, સુરત-૩૯૫૦૦૩ | e-mail:mitra@gujaratmitra.in | ટે.નં.: જા.ખ. વિભાગઃ ૨૫૯૯૯૯૧, ફેક્સઃ ૨૫૯૯૯૯૦, વ્યવસ્થા, તંત્રી વિભાગઃ ૨૫૯૯૯૯૨/૩/૪

GUJARATMITRA AND GUJARATDARPAN
Regd.No. SRT-006/2024-26 ★ RNI No.1597/57
વર્ષઃ ૧૬૨ * * * સંવત ૨૦૮૧ ભાદરવો સુદ બારસ, ગુરુવાર ૪ સપ્ટેમ્બર, ૨૦૨૫ * * * દૈનિક : ૮૮ - અંક : ૨૫૬
પાનાં ૧૨+૪ કિંમત ₹ ૫.૦૦

# GST દરોમાં વ્યાપક સુધારાને મંજૂરી

**હવેથી** માત્ર 5 અને 18 ટકાનું કર માળખું રહેશે, 22 સપ્ટેમ્બરથી અમલ

**જીએસટી** કાઉન્સિલની 56મી મેરેથોન બેઠક 10.5 કલાક સુધી ચાલી

**તમામ** નિર્ણયો સર્વાનુમતે લેવામાં આવ્યા હોવાની નાણામંત્રીની જાહેરાત

**તમાકુ,** સિગરેટ, ગુટખા, મોંઘી કાર પર ખાસ 40 ટકાનો સ્લેબ સૂચિત

**નવી દિલ્હી, 3 (PTI).** સર્વશક્તિમાન GST કાઉન્સિલે બુધવારે ગૂંચવાયેલા ગુડ્સ અને સર્વિસ ટેક્સ વ્યવસ્થાના સંપૂર્ણ ફેરફારને મંજૂરી આપ્યા બાદ હેર ઓઈલથી લઈને કોર્ન ફ્લેક્સ, ટીવી અને વ્યક્તિગત આરોગ્ય અને જીવન વીમા પોલિસી સુધીની સામાન્ય ઉપયોગની વસ્તુઓ પરના જીએસટી કર દરોમાં ઘટાડો કરવામાં આવ્યો. જીએસટી કાઉન્સિલે 22 સપ્ટેમ્બર, નવરાત્રિના પહેલા દિવસથી અમલમાં આવતા સ્લેબને 5 ટકા અને 18 ટકા સુધી મર્યાદિત કરીને દરમાં ફેરફારને મંજૂરી આપી છે. સરકાર ઘરેલુ ખર્ચ વધારવા અને યુએસ ટેરિફના આર્થિક ફટકાને ઘટાડવા માટે લગભગ તમામ વ્યક્તિગત ઉપયોગની વસ્તુઓ પર

...અનુસંધાન પાના 11 પર




### હવે આના પર ૧૮% ટેક્સ

| વસ્તુ | પહેલા | હવે |
|---|---|---|
| કાર (૧૨૦૦ સીસી) (૧૫૦૦ સીસી) | 28% | ૧૮% |
| થ્રી વ્હીલર્સ | 28% | ૧૮% |
| મોટર સાયકલ (૩૫૦ સીસીથી ઓછી) | 28% | ૧૮% |
| માલ અને સેવાઓમાં વપરાતા વાહનો | 28% | ૧૮% |
| એર કન્ડીશનર | 28% | ૧૮% |
| LED અને LCD ટીવી (32 ઈંચથી ઉપર) | 28% | ૧૮% |
| મોનિટર અને પ્રોજેક્ટર | 28% | ૧૮% |
| ડીશ વોશર | 28% | ૧૮% |

### સિગારેટ, ગુટખા, પાન મસાલા, ફાસ્ટ ફૂડ પર GST વધ્યો

સિગારેટ, ગુટખા, પાન મસાલા વગેરેનો ઉપયોગ કરતા લોકોને હવે વધુ પૈસા ખર્ચવા પડશે. સરકારે આ વસ્તુઓ પર GST વધારીને 40% કર્યો છે. અત્યાર સુધી તમાકુ ઉત્પાદનો પર 28% GST લાગતો હતો . સિગારેટ, તમાકુ, ગુટખા, પાન મસાલા અને અન્ય તમાકુ ઉત્પાદનો પાપની શ્રેણીમાં આવે છે. નવા દર 22 સપ્ટેમ્બરથી લાગુ થશે. સુપર લક્ઝરી ગુડ્સ, તમાકુ, એડેડ સુગર, કાર્બોનેટેડ પીણાં, વ્યક્તિગત ઉપયોગ માટે વિમાન, લક્ઝરી કાર, ફાસ્ટ ફૂડ પર પણ 40% GST લાગશે.

### હવે આના પર 5% ટેક્સ

| વસ્તુ | પહેલા | હવે |
|---|---|---|
| હેર ઓઇલ | ૧૨% | ૫% |
| શેમ્પૂ | ૧૨% | ૫% |
| ટૂથ પેસ્ટ | ૧૨% | ૫% |
| ટોઇલેટ સોપ | ૧૨% | ૫% |
| ટૂથબ્રશ | ૧૨% | ૫% |
| શેવિંગ ક્રીમ | ૧૨% | ૫% |
| માખણ, ઘી, ચીઝ, ડેરી સ્પ્રેડ | ૧૨% | ૫% |
| નમકીન, ભુજિયા, મિશ્રણ | ૧૨% | ૫% |
| વાસણો | ૧૨% | ૫% |
| ફિડીંગ બોટલો, નેપી, ક્લિનિકલ ડાયપર | ૧૨% | ૫% |
| સીવણ મશીનો અને ભાગો | ૧૨% | ૫% |

### આના પરનો ટેક્સ નાબૂદ

| વસ્તુ | GST |
|---|---|
| નકશા, ચાર્ટ અને ગ્લોબ્સ | 0% |
| પેન્સિલો, શાર્પનર, ક્રેયોન્સ અને પેસ્ટલ | 0% |
| કસરત પુસ્તકો અને નોટબુક્સ | 0% |
| રબર | 0% |
| વ્યક્તિગત આરોગ્ય અને જીવન વીમો | 0% |

### દૈનિક ઉપયોગની ખાદ્ય ચીજો પર શૂન્ય કર, અન્ય સામગ્રીઓ પરનો દર 18 ટકાથી પાંચ ટકા થશે

દૈનિક ઉપયોગની ખાદ્ય ચીજો પર શૂન્ય કર લાગશે, પરંતુ માખણ અને ઘીથી લઈને સૂકા મેવા, કન્ડેન્સ્ડ મિલ્ક, સોસેજ અને માંસ, ખાંડથી બનેલી કન્ફેક્શનરી, જામ અને ફ્રૂટ જેલી, કોમળ નારિયેળ પાણી, નમકીન, 20 લિટર બોટલોમાં પેક કરાયેલ પીવાનું પાણી, ફળોનો પલ્પ અથવા ફળોનો રસ, દૂધ, આઈસ્ક્રીમ, પેસ્ટ્રી અને બિસ્કિટ, કોર્ન ફ્લેક્સ અને અનાજ અને ખાંડ કન્ફેક્શનરી જેવા સામાન્ય ઉપયોગના ખાદ્ય પદાર્થો પર કર દરમાં હાલના 18 ટકાથી ઘટાડીને 5 ટકા કરવામાં આવે તેવી શક્યતા છે. ચપાતી અને પરાઠાના તમામ સ્વરૂપો પર શૂન્ય કર લાગશે, જે હાલના 5 ટકાના દરથી ઘટાડી દેવાશે.



## ઉત્તર ભારતમાં વરસાદના પ્રકોપથી 16ના મોત, જનજીવન અસ્તવ્યસ્ત

**હરિયાણા,** હિમાચલ, જમ્મુ-કાશ્મીર, છત્તીસગઢમાં બનેલી ઘટનાઓમાં 16 લોકોએ જીવ ગુમાવ્યો

**બંગાળની** ખાડી પર લો-પ્રેશર સિસ્ટમના કારણે અરૂણાચલ, બંગાળમાં ભારે વરસાદની આગાહી

**નવી દિલ્હી, તા. 03 (PTI) :** ઉત્તર ભારતમાં ધોધમાર વરસાદ ઓછો થવાના બુધવારે કોઈ સંકેત દેખાયા નહોતા. વરસાદને કારણે મકાન ધ્વસ્ત થવા અને ભૂસ્ખલનની ઘટના બનતા હરિયાણા, હિમાચલ પ્રદેશ અને જમ્મુ-કાશ્મીરમાં ૧૦ લોકોના મોત થયા છે. વરસાદને કારણે હિમાચલ અને પંજાબમાં શાળા અને કોલેજો સાતમી સપ્ટેમ્બર સુધી બંધ રાખવાની જાહેરાત થઇ છે, તો જમ્મુ કાશ્મીરમાં ટ્રેન સેવા અટકાવી દેવાઇ છે અને દિલ્હીમાં ફ્લાઇટ્સ ઓપરેશન પર અસર પડી છે સાથે જ નિગમબોધ ઘાટ પર અગ્નિસંસ્કાર પણ સ્થગિત કરવાની ફરજ પડી છે.

પૂર્વમાં, બંગાળની ખાડી પર એક નવી લો-પ્રેશર સિસ્ટમના કારણે ગુરુવારે અરુણાચલ પ્રદેશ, પશ્ચિમ બંગાળ અને ઝારખંડમાં ભારે વરસાદ થવાની સંભાવના છે, જ્યારે બુધવારે સતત ત્રીજા દિવસે ઓડિશામાં વરસાદ ચાલુ

...અનુસંધાન પાના 11 પર

### દિલ્હીમાં યમુનાનું પાણી મુખ્ય માર્ગો પર પહોંચી ગયું, ઘણા વિસ્તારોમાં NDRF તૈનાત

યમુના નદીની આસપાસના નીચાણવાળા ઘણા ઘરોમાં ત્રણથી ચાર ફૂટ સુધી પાણીમાં ડૂબ્યા

**નવી દિલ્હી.** યમુનામાં પૂરની સ્થિતિએ હવે દિલ્હીના લોકોને ડરાવવાનું શરૂ કરી દીધું છે. હવે યમુના નદીનું પાણી મોનેસ્ટ્રી માર્કેટના મુખ્ય દરવાજાથી મુખ્ય માર્ગ પર આવી ગયું છે. એનડીઆરએફની ટીમ ઘટનાસ્થળે પહોંચી ગઈ છે અને બચાવ કામગીરી માટે તૈયારીઓ શરૂ કરી દીધી છે. અક્ષરધામ, મયુર વિહાર, યમુના બજાર, આઇએસબીટી વિસ્તારમાં એનડીઆરએફ તૈનાત કરવામાં આવ્યું છે. પાણી હવે કાશ્મીરી ગેટ સુધી પહોંચી ગયું છે. જેને પગલે તીસ હજારી સુધીનો રસ્તો બંધ કરી દેવામાં આવ્યો છે. નદીનું પાણીનું સ્તર જે ગતિએ વધી રહ્યું છે, તે જોતાં એવી આશંકા છે કે આ પાણી રિંગ રોડ સુધી પહોંચી શકે છે અને ફરી એકવાર 2023 જેવી પરિસ્થિતિ ઊભી થઈ શકે છે, જ્યારે યમુના નદીનું પાણી રિંગ રોડ ઉપરથી વહેવા લાગ્યું અને

...અનુસંધાન પાના 11 પર

### નિગમબોધ ઘાટમાં પાણી ફરી વળતા અગ્નિસંસ્કાર સ્થગિત કરી દેવાયા



**નવી દિલ્હી.** દિલ્હીના સૌથી મોટા સ્મશાન ઘાટ, નિગમબોધ ઘાટ ખાતે યમુનાના પૂરના પાણી પરિસરમાં ઘૂસી ગયા બાદ અગ્નિસંસ્કાર સ્થગિત કરવામાં આવ્યા છે, એમ અધિકારીઓએ બુધવારે જણાવ્યું હતું. લગભગ બે કલાક પહેલા અગ્નિસંસ્કાર કરવાનું બંધ કરી દીધું હતું, અને ફક્ત સવારે શરૂ થયેલી ધાર્મિક વિધિઓ પૂર્ણ કરવામાં આવી રહી છે, એમ એમસીડીના

...અનુસંધાન પાના 11 પર

## દિલ્હી ડાયરી



### છત્તીસગઢમાં ધર્માંતરણના આરોપમાં બે સાધ્વીઓની ધરપકડ

ભાજપ શાસિત છત્તીસગઢમાં બળજબરીથી ધર્માંતરણના આરોપમાં કેરળની બે સાધ્વીઓની ધરપકડની તાજેતરની ઘટનાએ કેન્દ્રીય સ્તરે અને દક્ષિણ રાજ્યમાં બંને જગ્યાએ પાર્ટીમાં ખળભળાટ મચાવ્યો છે જ્યાં ભગવા પક્ષ પોતાની સ્થિતિ મજબૂત કરવાનો સખત પ્રયાસ કરી રહ્યો છે. તેનો અંદાજ એ વાત પરથી લગાવી શકાય છે કે, કેરળ ભાજપના વડા અને ભૂતપૂર્વ કેન્દ્રીય પ્રધાન રાજીવ ચંદ્રશેખર છત્તીસગઢની રાજધાની તિરુવનંતપુરમથી રાયપુર સાધ્વીઓને લેવા દોડી આવ્યા હતા, જ્યાં કોર્ટે તેમને જામીન આપ્યા પછી જેલમાંથી મુક્ત કરી હતી. પક્ષના કેરળ એકમના બધા લોકો આ મામલે ભાજપ નેતૃત્વના હસ્તક્ષેપથી ખુશ નહોતા. અહેવાલો સૂચવે છે તેમ ચંદ્રશેખર આ મામલે હસ્તક્ષેપ કરવાથી વિચલિત થયા ન હતા. કારણ કે તેમના આ પગલાને વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને ગૃહ પ્રધાન અમિત શાહ દ્વારા સમર્થન આપવામાં

...અનુસંધાન પાના 11 પર

## મરાઠાઓને અનામત મળવાનો જરાંગેને વિશ્વાસ, નાખુશ OBC નેતાઓની આંદોલનની ચેતવણી

**કેબિનેટ** બેઠકમાં ગેરહાજર રહેલા ભુજબળ મરાઠા ક્વોટા પરના GR ને કોર્ટમાં પડકારશે

**મામલો** કોર્ટમાં લઇ જવાના પ્રયાસો નિષ્ફળ જશે, જીઆરને પડકારી શકાતો નથી : જરાંગે



**છત્રપતિ સંભાજીનગર, તા. 03 :** ચળવળકાર મનોજ જરંગેએ બુધવારે કહ્યું કે મરાઠાવાડા અને પશ્ચિમ મહારાષ્ટ્રમાં હવે મરાઠા સમુદાયને અનામત મળશે, જ્યારે ઓબીસી નેતાઓએ સરકારના નિર્ણય પર નારાજગી વ્યક્ત કરી અને આંદોલનની ચેતવણી આપી. મહારાષ્ટ્રના મંત્રી અને અન્ય પછાત વર્ગ (ઓબીસી)ના અગ્રણી નેતા છગન ભુજબળ રાજ્ય મંત્રીમંડળની બેઠકમાં હાજર રહ્યા ન હતા, જે દર્શાવે છે કે બધું બરાબર નથી.

જરાંગેએ છત્રપતિ સંભાજીનગરની એક હોસ્પિટલમાંથી પત્રકારોને જણાવ્યું હતું કે અમે જીત્યા છીએ અને તેનો શ્રેય મરાઠા સમુદાયને જાય છે. મરાઠવાડા અને પશ્ચિમ મહારાષ્ટ્રના મરાઠાઓને હવે અનામત મળશે. તેમણે તેમના સમર્થકોને શાંતિ જાળવવા અને તેમના નિર્ણય પર વિશ્વાસ રાખવા અપીલ કરી. જરાંગે એવો પણ દાવો કર્યો હતો કે આ મામલો કોર્ટમાં લઈ જવાના પ્રયાસો નિષ્ફળ જશે કારણ કે જીઆરને પડકારી શકાતો નથી.

દરમિયાન એનસીપી નેતા અને મહારાષ્ટ્રના મંત્રી છગન ભુજબળે બુધવારે કહ્યું કે તેઓ લાયક

...અનુસંધાન પાના 11 પર

## વિધાનસભા દ્વારા પાસ બિલોને રોકવાની રાજ્યપાલની વિવેકાધીન સત્તા સામે ત્રણ રાજ્યોનો સુપ્રીમમાં વિરોધ

**નવી દિલ્હી, તા. 03 :** વિધાનસભા દ્વારા પસાર કરાયેલા બિલોને રાષ્ટ્રપતિ અને રાજ્યપાલની સંમતિ માટે સમયમર્યાદા માંગતી રાજ્યોની અરજીઓ પર સુપ્રીમ કોર્ટે બુધવારે સતત સાતમા દિવસે સુનાવણી કરી તે દરમિયાન પશ્ચિમ બંગાળ, તેલંગાણા અને હિમાચલ પ્રદેશની સરકારોએ બિલોને રોકવાની વિવેકાધીન સત્તાનો વિરોધ કર્યો હતો.

આ ત્રણ રાજ્યોએ કહ્યું કે કાયદા બનાવવાનું કામ વિધાનસભાનું છે, રાજ્યપાલોની તેમાં કોઈ ભૂમિકા નથી. તેઓ ફક્ત ઔપચારિક વડા છે. જ્યારે કોર્ટે મંગળવારે કહ્યું હતું કે રાજ્યપાલ બિલોને અનિશ્ચિત સમય માટે પેન્ડિંગ રાખી શકતા નથી. મુખ્ય ન્યાયાધીશ બીઆર ગવઈ, ન્યાયાધીશ સૂર્યકાંત, ન્યાયાધીશ વિક્રમ નાથ, ન્યાયાધીશ પીએસ

...અનુસંધાન પાના 11 પર

## ઊંચા ટેરિફ લગાવનાર ભારત હવે અમને શૂન્ય ટેરિફની ઓફર કરે છે : ટ્રમ્પનો દાવો

**અમેરિકા** ભારત સાથે ખૂબ સારી રીતે ચાલે છે, પરંતુ ઘણા વર્ષોથી સંબંધ એકતરફી રહ્યો છે : અમેરિકન રાષ્ટ્રપતિ

**ન્યૂ યોર્ક/વોશિંગ્ટન, તા. 03 (PTI) :** વેપાર અને ટેરિફ પર નવી દિલ્હીના વોશિંગ્ટન સાથેના વધતા તણાવ વચ્ચે રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું છે કે ટેરિફથી અમેરિકાને મારનારો ભારતે હવે અમેરિકાને શૂન્ય ટેરિફની ઓફર કરી છે. ટ્રમ્પે મંગળવારે ધ સ્કોટ જેનિંગ્સ રેડિયો શો સાથેના ટેલિફોન ઈન્ટરવ્યુમાં કહ્યું હતું કે, તેઓ આપણી સામે ટેરિફ લગાવે છે. ચીન, જે ટેરિફથી આપણને મારી નાખે છે. ભારત ટેરિફથી આપણને મારી નાખે છે. બ્રાઝિલ આપણને મારી નાખે છે.

ટ્રમ્પે કહ્યું હું વિશ્વના કોઈપણ માનવ કરતાં ટેરિફને વધુ સારી રીતે સમજી શક્યો હતો. અને હવે મારા ટેરિફ સાથે, તેઓ બધા તેને છોડી રહ્યા હતા. ભારત સૌથી વધુ ટેરિફ ધરાવતો દેશ હતો અને તમે જાણો છો, તેઓએ મને ભારતમાં હવે કોઈ પણ ટેરિફ ન લગાવવાની ઓફર કરી છે. જો મારી પાસે ટેરિફ ન હોત, તો તેઓ ક્યારેય તે ઓફર ન કરત. તેથી તમારે ટેરિફ લગાવવા પડશે. તેનાથી જ આપણે આર્થિક રીતે મજબૂત

...અનુસંધાન પાના 11 પર

### તા. ૦૩-૦૯-૨૦૨૫નું સુરત શહેરનું હવામાન

| વરસાદ (૧૮.૦૦ કલાક સુધી) | આજનો 0.0 મીમી | મોસમનો ૧૭૧૮ મીમી |
|---|---|---|
| ઉકાઇ | સપાટી આજની ૩૩૭.૦૨ ફૂટ | આઉટફ્લો ૩૪,૭૧૦ ક્યુસેક |

| તાપમાન | મહત્તમ | લઘુત્તમ | ભેજ |
|---|---|---|---|
| | ૩૨.૪ સે. | ૨૭.૦ સે. | ૭૧% |

## ફ્રાન્સ સહિતનું યુરોપ ત્રીજા વિશ્વયુદ્ધની તૈયારીમાં જોતરાયું

**લીક** થયેલા દસ્તાવેજોમાં ખુલાસો, માર્ચ 2026 સુધીમાં હોસ્પિટલોને તૈયાર રહેવાનો આદેશ

**સ્કેન્ડિનેવિયન** દેશોમાં નાગરિકોને યુદ્ધ દરમિયાન કેવી રીતે ટકી રહેવું તેની માહિતી અપાઇ

**પોલેન્ડ**-બાલ્ટિક દેશોમાં સૈન્યમાં સૈનિકોની ભરતી ઝડપી ગતિએ થઇ રહી હોવાનો ખુલાસો

**પેરિસ, તા. 03 :** રશિયા અને નાટો-જોડાણ ધરાવતા રાષ્ટ્રો વચ્ચે વધતા તણાવ વચ્ચે યુદ્ધ વધવાની આશંકા સાથે યુરોપ અભૂતપૂર્વ સ્કેલના સંભવિત સંઘર્ષ માટે તૈયારી કરી રહ્યું છે. કેટલાક ગુપ્તચર દસ્તાવેજોમાં ખુલાસો થયો છે કે ફ્રાન્સે મોટા પાયે યુદ્ધની તૈયારી માટે તેની નાગરિક હોસ્પિટલોનો ઉપયોગ શરૂ કરી દીધો છે. આરોગ્ય મંત્રાલયે આ માટે માર્ગદર્શિકા જારી કરી છે. જેમાં દેશની હોસ્પિટલોને માર્ચ 2026 સુધીમાં દરરોજ સેંકડો ઘાયલ સૈનિકોની સારવાર માટે તૈયાર રહેવાનું કહેવામાં આવ્યું છે. દસ્તાવેજો દર્શાવે છે કે ફ્રાન્સ ફક્ત તેના પોતાના સૈનિકો માટે જ નહીં, પરંતુ નાટો દેશોના સૈનિકો માટે પણ સારવારની વ્યવસ્થા કરી રહ્યું છે. આ માટે, હોસ્પિટલોને એડવાન્સ લેવલ પર તૈયારી કરવાનું કહેવામાં આવ્યું છે.

નાટોના આર્ટિકલ-5 હેઠળ, જો કોઈ નાટો દેશ પર હુમલો થાય છે, તો બધા દેશોએ યુદ્ધમાં કૂદી પડવું પડશે. આવી સ્થિતિમાં, બ્રિટન, અમેરિકા અને યુરોપના ઘણા દેશો સીધા યુદ્ધમાં ખેંચાઈ જવાનો ભય વધી શકે છે, જેનાથી ત્રીજા વિશ્વયુદ્ધ જેવી પરિસ્થિતિઓની શક્યતા વધી શકે છે. જર્મનીના ટોચના જનરલ કાર્સ્ટન બ્રુઅરે ચેતવણી આપી છે કે રશિયાના ઝાપડ 2025ના દાવપેચનો ઉપયોગ આક્રમણના બહાના તરીકે થઈ શકે છે. લીક થયેલા દસ્તાવેજોથી જાણવા મળ્યું છે કે સ્કેન્ડિનેવિયન દેશોમાં નાગરિકોને યુદ્ધ દરમિયાન કેવી રીતે ટકી રહેવું તે અંગે માહિતી

...અનુસંધાન પાના 2 પર

### પોલેન્ડની સરહદ પર નાટો ફાઇટર જેટના ઉડ્ડયને યુરોપની તંગદીલી વધારી

**વોર્સો, તા. 03 :** પોલેન્ડની સરહદ પર નાટો ફાઇટર જેટની ઉડાનોએ યુરોપના તણાવમાં વધુ વધારો કર્યો છે. બુધવારે સવારે રશિયાએ યુક્રેન પર 500 થી વધુ ડ્રોન અને મિસાઇલો છોડ્યા ત્યારે આ ઉડાન રેકોર્ડ કરવામાં આવી છે. આ હુમલાઓમાં પોલેન્ડને અડીને આવેલા યુક્રેનના પશ્ચિમી ક્ષેત્રને નિશાન બનાવવામાં આવ્યું છે. આવી સ્થિતિમાં, બદલો લેવા અને કોઈપણ આક્રમક પરિસ્થિતિને રોકવા માટે નાટો ફાઇટર જેટ પોલેન્ડમાં સતત ઉડાન ભરી રહ્યા છે. એવા પણ અહેવાલો છે કે ઘણા નાટો ફાઇટર જેટ પણ સરહદ પાર કરીને યુક્રેનિયન હવાઈ ક્ષેત્રમાં ઉડાન ભરી ચૂક્યા છે. તે જ સમયે, રશિયાએ નાટોની કાર્યવાહીને લાલ રેખા પાર કરતી ગણાવી છે.